| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૨૫ |

---

**મહેરબાન ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ અને સ્પે. એન.ડી.પી.એસ. જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૬૨/૨૦૨૬**

**(એન.ડી.પી.એસ. કેસ નં. ૨૧/૨૦૨૫)**

**આંક : –**

**અરજદાર/આરોપી :–** **દિલીપકુમાર શ્રીભીમસેન ઉર્ફે ઉદ્દી ઉધોરામ તિવારી,**
રહે. મકાન નં. ૧, અયોધ્યાનગર–૧,
ભડકોદ્રા, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ,
મુળ રહે. લીલોચખુદ, થાના ઉમરીબેગમ,
તા. તરબગંજ, જિ. ગોન્ડા, (યુ.પી.).

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એ. આઇ. પટેલ
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

(૧) અરજદારનાં વિ. વકીલશ્રી તથા વિ. એ.પી.પી.શ્રીને

સાંભળ્યા. ત.ક.અધિકારીશ્રીનો **આંક-૦૬** થી રજુ પોલીસ અભિપ્રાય તથા તેની સાથે રજુ પંચનામું તથા મુદ્દામાલ પાવતી ધ્યાને લીધા.

(૨) અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ મુજબ મુદ્દામાલ મોબાઇલની વચગાળાની કસ્ટડી મેળવવા કરેલ છે. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારની માલીકીનો સેમસંગ ગેલેક્ષી કંપનીનો A14 મુદ્દામાલ મોબાઇલ તપાસ કરનાર અધિકારીએ અંકલેશ્વર જી.આઇ.ડી.સી. પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૧૨૫૦૯૬૪/૨૦૨૫ થી એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), (૨૦)(બી)(૨)(સી), ૨૫, ૨૯ મુજબના ગુનાના કામે કબજે કરેલ છે. હાલ તપાસ કરનાર અધિકારીએ તપાસ પૂર્ણ કરી એફ.એસ.એલ. રીપોર્ટ મેળવી એન.ડી.પી.એસ. કેસ નં. ૨૧/૨૦૨૫ થી ચાર્જશીટ કરેલ છે અને ત્યારબાદ નામ. ગુજરાત હાઇકોર્ટમાંથી જામીન મંજુર થયેલ હોય અને સદર મોબાઇલ અરજદાર/આરોપી પાસેથી પકડાયેલ છે અને પો.સ્ટે.માં મુકવામાં આવેલ છે. વધુમાં જણાવે છે કે, આરોપીને સદર ગુનાના કામે ખોટી રીતે સંડોવવામાં આવેલ છે, અરજદાર/આરોપીને મુદ્દામાલ મોબાઇલ કામકાજ દરમ્યાન ખુબ જ ઉપયોગી છે, જો સદર મોબાઇલ પરત આપવામાં ન આવે તો આરોપીને ઘણાં ઉંડા નુકસાનમાં ઉતરવુ પડે તેમ છે તેમજ લાંબો સમય પો.સ્ટે.માં પડી રહે તો મોબાઇલની બેટરી તેમજ અલગ-અલગ પાર્ટસ ખરાબ થઇ જાય તેમ છે અને મોબાઇલની તપાસની કામગીરી પૂર્ણ થઇ ગયેલ હોય, જેથી મુદ્દામાલ મોબાઇલ પરત આપવા અરજ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારને મુદ્દામાલ મોબાઇલ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવામાં આવે તો નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલનુ કરવા તૈયાર છે, જેથી હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) અરજદારનાં વિ. વકીલશ્રી તરફે તેમની અરજી મુજબ દલીલો કરવામાં આવેલ છે, જયારે વિ.એ.પી.પી.શ્રી તરફે પોલીસનો અભિપ્રાય ધ્યાને લઇ ન્યાયોચિત હુકમ કરવા દલીલો કરેલ છે.

આ કામે આંક-૦૬ થી રજુ પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા, ઉપરોકત ગુનાના કામે સ્થળ ઉપરથી માદક પદાર્થનાં જથ્થા સાથે પકડાયેલ

હાલનાં અરજદાર/આરોપી દિલીપકુમાર શ્રીભીમસેન ઉધોરામ તિવારની અંગઝડતીમાંથી એક સેમસંગ કંપનીનો ગેલેક્ષી મોબાઇલ જેનો મોડલ નં. A 14 છે, જેમાં એરટેલ કંપનીનાં બે સીમ અને જેનો IMEI : 356163219540354 / 359005419540352 છે તે કબજે લેવામાં આવેલ છે અને આરોપીએ સદર મોબાઇલ તેની માલીકીનો હોવા અંગે તપાસનાં કામે કોઈ બિલ કે અન્ય પુરાવો રજુ કરેલ નથી. સદર મોબાઇલ ફોનનો ઉપયોગ અરજદાર/આરોપી દ્વારા સહ–આરોપીઓ સાથે ગુનો કરવામાં સંપર્કમાં રહેવા માટે કરેલ હોય, જે અંગેનાં સી.ડી.આર./એસ.ડી.આર. તપાસ દરમ્યાન લેવામાં આવેલ છે. અરજદાર/આરોપીને મોબાઇલ ફોન પરત આપવામાં આવશે તો ફરીવાર આવા ગંભીર ગુનાઓ કરવામાં તેનો ઉપયોગ કરે/કરાવે તેવી શકયતા રહેલી હોય, જેથી અરજદારને મુદ્દામાલ મોબાઇલ પરત નહી સોંપવા અભિપ્રાય આપેલ છે.

(૪) અરજદાર તરફે આંક–૦૩ નાં લીસ્ટથી મુદ્દામાલ મોબાઇલના બિલની નકલ, ચાર્જશીટની સર્ટીફાઇડ નકલ, ન્યાય સહાયક કચેરીનો રીપોર્ટ રજુ કરેલ છે, જે દસ્તાવેજો ધ્યાને લેતા, સદર મુદ્દામાલ સેમસંગ કંપનીનો ગેલેક્ષી મોબાઇલ જેનો મોડલ નં. A 14 છે, જેમાં એરટેલ કંપનીનાં બે સીમ અને જેનો IMEI : 356163219540354 / 359005419540352 છે તે અરજદારની માલીકીનો હોય તેમ જણાય આવે છે. વધુમાં એફ.આઇ.આર. તથા ચાર્જશીટના પેપર્સ ધ્યાને લેતા, હાલનાં અરજદાર/આરોપી દિલીપકુમાર શ્રીભીમસેન ઉધોરામ તિવારી પાસેથી પોલીસે મુદ્દામાલ મોબાઇલ કબજે કરેલ હોવાનું જણાય છે અને જે મોબાઇલ પોલીસે મુદ્દામાલ પાવતી મુજબ મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે. આમ, હાલનાં અરજદાર/આરોપી મુદ્દામાલ મોબાઇલનાં માલીક છે અને તે સિવાય કોઇએ કલેઇમ કરેલ નથી. વધુમાં પોલીસ અભિપ્રાય જોતા તપાસનાં કામે સદર મુદ્દામાલ મોબાઇલની કોઈ આવશ્યકતા ન હોવાનું જણાય આવે છે, તે સંજોગોમાં સદર મુદ્દામાલ મોબાઇલનો વચગાળાનો કબજો મેળવવા હાલનાં અરજદાર હકકદાર હોવાનું જણાય છે.

(૫) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ અરજદાર/આરોપી મુદ્દામાલ મોબાઈલનાં માલીક હોય તેમજ મુદ્દામાલ મોબાઈલની તપાસનાં કામે કોઈ જરૂરીયાત હોય તેમ જણાતું ન હોય, જો મુદ્દામાલ મોબાઈલ બિનવપરાશી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેની બેટરી તેમજ અન્ય પાર્ટસને નુકસાન થાય અને બગડી જાય તેમ છે. વધુમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ (ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૫૧) ની જોગવાઈ તથા <u>નામ. સુપ્રિમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય</u>નાં ચુકાદામાં માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા, હાલની અરજી મંજુર કરી મુદ્દામાલ મોબાઈલ શરતોને આધીન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને પરત સોંપવો ન્યાયોચિત જણાતું હોય છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) અરજદાર/આરોપી **દિલીપકુમાર શ્રીભીમસેન ઉર્ફે ઉદ્દી ઉધોરામ તિવારી**ની હાલની મુદ્દામાલ પરત મેળવવાની અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૨૧૨૫૦૯૬૪/૨૦૨૫ ના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ સેમસંગ કંપનીનો ગેલેક્ષી મોબાઈલ જેનો મોડલ નં. A–14 જેનો IMEI : 356163219540354 / 359005419540352 છે તે હાલનાં અરજદારને મુદ્દામાલ મોબાઈલની કિંમતના દોઢી રકમનાં જાત જામીન અને તેટલી જ રકમનાં બોન્ડ પોલીસ રૂબરૂ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન રહી વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) અરજદારે સદર મુદ્દામાલ મોબાઈલ અદાલત ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૨) અરજદારે સદર મુદ્દામાલ મોબાઈલનો કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈપણ ઈસમને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય

કોઈપણ રીતે તબદીલ કરવો/કરાવવો નહી.

(૩) અરજદારે સદર મુદ્દામાલ મોબાઈલનો ઉપયોગ કોઈપણ પ્રકારનાં ગુનાહિત કૃત્યમાં કરવો/કરાવવો નહી.

(૪) સદર મુદ્દામાલ મોબાઈલની ઓળખ થઇ શકે તે રીતે અરજદારનાં ખર્ચે મુદ્દામાલ મોબાઈલના બન્ને તરફથી ફોટોગ્રાફ્સ પડાવ્યા બાદ સદર મોબાઈલ અરજદારને સોંપવો અને ત.ક. અધિકારીશ્રીએ આ ફોટોગ્રાફ્સ ચાર્જશીટ સાથે સામેલ રાખવા સારૂ કોર્ટમાં રજુ કરવા.

(૫) અરજદારે જામીન તથા બોન્ડ અંકલેશ્વર, જી.આઇ.ડી.સી. પો.સ્ટે.માં આપવાનાં રહેશે.

આ હુકમની અમલવારી માટે જે તે સંબંધીત પો.સ્ટે.ને યાદી કરવી.

આ હુકમ આજ **તા. ૨૭ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૭/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ અને
સ્પે. એન.ડી.પી.એસ. જજ, ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**